ગ્રાહક તકરાર નિવારણ ફોરમ, ભુજ
પશ્ચિમ ગુજરાત વિજ કંપની લીમીટેડ
પાવર હાઉસ કંપાઉન્ડ, જી કે જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૫૩૭૭ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮
E-Mail- forumbhuj.pgvcl@gebmail.com

નં.: કેસી/સીજીઆરએફ/ હુકમ/૨૦૧૭/ 447 તારીખ: 18/11/17

રજી.એ.ડી દ્વારા

પ્રતિ શ્રી,
યુસુફ હારુન મેમણ,
બીન્દરા નીવાસ બીલ્ડીંગ,
1st ફ્લોર, રુમ નંબર -૦૭,
૮૩, જેપી રોડ,અંધેરી (W)
મંબઇ-૪૦૦૦૫૮

**Mobile Number :- 9769921457**

વિષયઃ- ટીસી નવું બદલી બાબત અંગે.

સદર્ભઃ- (૧) આપની અરજી નોંધણી નં. પીજી ૦૩/૦૦૬/૨૦૧૭-૧૮.

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે ગ્રાહક તકરાર નિવારણ ફોરમ ભુજ તરફથી તારીખઃ- ૩૦/૧૦/૨૦૧૭ ની બેઠકમાં કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

(એસ.એન વહોનીયા)
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર
પીજીવીસીએલ સર્કલ ઓફિસ ભુજ.

બિડાણ-ઉપર મુજબ

O/C

નકલ સાદર રવાનાઃ-
૧.શ્રી એ.એમ.ઢેબર
ચેરમેનશ્રી સી.જી.આર.એફ.ભુજ.
બ્લોક નં.એ.એ.- ૧૦ ઓસ્કાર સોસાયટી,નાણાવટી ચાર રસ્તા
રૈયા સર્કલ, રાજકોટ- ૩૬૦૦૦૫.

૨. શ્રીમતી નીતીનાબેન હરીપ્રસાદ જોષી, સ્વતંત્ર સભ્ય,
૧૦ /૧૧૬ લક્ષ્મી પાર્ક, લક્ષ્મી વાડી, પૂજારા પ્લોટ મેઇન રોડ,
કુવાવાલી ખોડીયાર મંદીર સામે, રાજકોટ-૩૬૦૦૦૨.

૩. શ્રી પી.આર.વ્યાસ, ટેકનીકલ મેમ્બરશ્રી,ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ભુજ
વિશેષ મુખ્ય ઇજનેર,પીજીવીસીએલ વર્તુળ કચેરી, ભુજ.

૪. કાર્યપાલક ઇજનેરશ્રી,પીજીવીસીએલ,વિભાગીય કચેરી - **માંડવી**

૫. નાયબ ઇજનેર પીજીવીસીએલ પેટાવિભાગીય કચેરી - **મુન્દ્રા-૧**



Scanned by CamScanner

# ગ્રાહક તકરાર નિવારણ ફોરમ

પશ્ચિમ ગુજરાત વીજ કંપની લિમિટેડ
પાવર હાઉસ કમ્પાઉન્ડ, જી.કે.જનરલ હોસ્પિટલ સામે, ભુજ
ફોન: ૦૨૮૩૨-૨૫૩૫૫૦ ફેક્સ: ૦૨૮૩૨-૨૫૦૦૪૮


* કેસ નં - પીજી ૦૩-૦૦૮-૨૦૧૭-૧૮
* નોંધણી તારીખ:- ૦૯-૧૦-૨૦૧૭
* નિર્ણયની તારીખ:- ૧૦-૧૧-૨૦૧૭

અરજદાર :- શ્રી યુસુફ હારૂન મેમણ.

અરજદાર વતી રજુઆત કરનાર :- અરજદાર પોતે હાજર છે.

## વિરુધ્ધ

સામાવાળા :- કાર્યપાલક ઇજનેર, વિભાગીય કચેરી, પીજીવીસીએલ, માંડવી.

સામાવાળા વતી રજુઆત કરનાર :- શ્રી એ.એસ.ગુરવા, કાર્યપાલક ઇજનેર, માંડવી વિભાગીય કચેરી.

ઉપરોક્ત બંને પક્ષકારોને તમામ દસ્તાવેજી પુરાવા સાથે તેમની રજુઆત કરવા માટે સુનાવણી તા.૩૦/૧૦/૨૦૧૭ના અંજાર મધ્યે અને તા.૧૦/૧૧/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે રાખવામાં આવેલ.

## કાર્યવાહી

## ગ્રાહકની રજુઆત

(૧) આજરોજ તા.૩૦/૧૦/૨૦૧૭ના અંજાર મધ્યે ફોરમની બેઠકમાં ફરિયાદી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી.

આજરોજ તા.૧૦/૧૧/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠકમાં ફરિયાદીશ્રી યુસુફ હારૂન મેમણ પોતે હાજર છે અને એમની એવી રજૂઆત છે કે;

૧] મારૂં હયાત ખેતીવાડી વીજકનેક્શન ગામ-બરાઈ મુન્દ્રા સબ ડીવીઝન ખાતે ૧૦ એચ.પી.નું કનેક્શન નં. ૩૮૭૦૪/૦૦૨૯૭/૦ છે. તે વખતે અમારા ટ્રાન્સ્ફોર્મરની કેપેસીટી ૧૬ કેવીએનું હયાત હતું.

૨] ૧૦ એચ.પી. નું વીજ કનેક્શન અમારી જરૂરિયાતમાં પૂરું ન થવાથી અને લોડ વધારો ૨૨.૫ કેવીએનો માંગતાં તે અંગેની અરજી તા.૦૫/૦૮/૨૦૧૭ના કરેલ અને તા.૧૦/૦૮/૨૦૧૭ના રોજ રૂ.૧૩.૫૪૫/-(અંકે રૂપિયા તેર હજાર પાંચસો પિસ્તાલીસ પૂરા) પીજીવીસીએલની કચેરીએ ભરેલ. ટેસ્ટ રીપોર્ટની રકમ પણ અમોએ ભરેલ.

૩] મોટું ટ્રાન્સફોર્મર મૂકવાની જરૂરિયાત હોઈ પીજીવીસીએલ કંપનીએ જે ટ્રાન્સફોર્મર લગાડેલ તે ફોલ્ટી હતું. તેથી અમોએ આ ટ્રાન્સફોર્મર તાત્કાલિક બદલવાની રજૂઆત કરેલ પણ આ ટ્રાન્સફોર્મર પંદર દિવસ પછી બદલાવેલ . આ બીજું લગાડેલ ટ્રાન્સફોર્મર પણ ફોલ્ટી હોવાથી જે ટ્રાન્સફોર્મર તા.૧૪/૦૮/૨૦૧૭ના લગાડેલ તે પણ ફોલ્ટી હતું. આથી ત્રીજું ટ્રાન્સફોર્મર તા.૧૮/૦૮/૨૦૧૭ના લગાડેલ જે બરાબર હતું.

Scanned by CamScanner

૪] આમ તા.૦૫/૦૮/૨૦૧૭ થી ૧૮/૦૮/૨૦૧૭ સુધી અમારો પાવર સપ્લાય બંધ આ બાબતના ફોટોગ્રાફ મેં મારી ફરિયાદ સાથે મોકલેલ છે.

૫] તા.૧૮/૦૮/૨૦૧૭ના ટ્રાન્સફોર્મર ચાલુ કરતાં કંપનીના અધિકારીઓના કહેવાથી મોટર પણ ચાલુ કરેલ પણ તા.૦૫/૦૮/૨૦૧૭ થી તા. ૧૮/૦૮/૨૦૧૭ સુધી પાવર બંધ હોવાથી અને વરસાદની સીઝન હોવાથી બોરમાં પાવર બંધ હોવાથી મોટર બંધ હતી. આથી કાદવ મોટરની આજુબાજુ જામી જવાથી તા.૧૮/૦૮/૨૦૧૭ના જ્યારે મોટર ચાલુ કરી ત્યારે શરૂઆતમાં કાદવમાં જામ હોવાથી સ્વાભાવિક રીતે AMP લોડીંગ વધારે બતાવતાં તરત જ એટલે કે ૫ મિનિટમાં જ મોટર બંધ કરેલ પછી સ્થળ પર આવેલ એન્જીનિયર સાહેબે કહેલ તમારા ટેક્નિશિયનને બોલાવી મોટર ચેક કરાવી લ્યો. આથી અમોએ બીજે દિવસે અમારા ટેક્નિશિયનને બોલાવીને મોટર ચેક કરાવેલ અને ૩ કલાક મોટર ચાલુ રાખેલ અને મોટર ટેક્નિશિયનના કહેવા પ્રમાણે બરાબર ચાલતી હતી.

૬] મોટર નોર્મલ થતાં અમોએ પીજીવીસીએલના અધિકારીને જાણ કરી કે તેઓ અમારી મોટર નોર્મલ ચાલે છે તે જોઈ જાય. આ કામગીરી તા.૧૯/૦૮/૨૦૧૭ ના કરવામાં આવેલ. વારંવાર ફોન કરવા છતાં પીજીવીસીએલની કચેરીમાંથી કોઈ અધિકારી કે કર્મચારી અમારા સ્થળ ઉપર આવેલ નહીં. બીજે દિવસે પણ આ બાબતની જાણ પીજીવીસીએલની કચેરીએ કરતાં કોઈ અધિકારી કે કર્મચારી આવેલ નહીં.

૭] બે દિવસ સુધી કંપનીના કોઈ કર્મચારી/અધિકારી વાડીએ ન આવતાં મારી વાડીના રખેદાર મારા પ્રતિનિધિ તરીકે તેમજ ઈલેક્ટ્રીશીયન બન્ને જણા મુન્દ્રા કચેરી ખાતે જઈ એન.ડી.ઠક્કર સાહેબને આ અંગે રજૂઆત કરેલ. અમોને જવાબ મળેલ કે અમોએ તમને બીલ મોકલેલ છે તે ભરપાઈ કરી દો.

૮] પોસ્ટ દ્વારા અમોને ચેકીંગ સીટની નકલ મળેલ તેમજ તેની સાથે રૂ.૨૮.૯૯૨/-(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર નવસો બાણું પૂરા)નું પુરવણી બીલ આપવામાં આવેલ. જે અમોએ વાંધા અરજી સાથે ભરેલ જે અમારી મુખ્યત્વે ફરિયાદ છે.

૯] આ બાબતની અમારા ઉપર રાગદ્વેષ રાખીને મુન્દ્રા કચેરી દ્વારા અમને હેરાનગતિના ભાગરૂપે અમારું બીજું હયાત વીજકનેક્શન ૩૮૭૦૧/૧૧૯૩૩/૮ માં પણ અમારું મીટર ન હોવા છતાં અમોને રૂ.૫.૦૬૩/-(અંકે રૂપિયા પાંચ હજાર ત્રેસઠ પૂરા)નું બીલ ભરવાનું મોકલતા અમોએ આ બીલ બાબતની ફરિયાદ પીજીવીસીએલની મુખ્ય કચેરી રાજકોટ તથા તેની નકલ માંડવી વિભાગીય કચેરીને તા.૦૨/૦૨/૨૦૧૭ના રોજ આપતાં આ અમારું બીલ રૂ.૫.૦૬૩/-(અંકે રૂપિયા પાંચ હજાર ત્રેસઠ પૂરા) અમોને માંડવાળ વડી કચેરીની દરમિયાનગીરી બાદ કરેલ. આમ, અમારા પર રાગ-દ્વેષ દ્વારા કરવામાં આવેલ.

આમ અમારે પાવર ૧૫ દિવસ બંધ રહેવાને કારણે પારાવાર નુક્સાન થયેલ છે.

## પીજીવીસીએલની રજૂઆત

(૨) આજરોજ તા.30/૧૦/૨૦૧૭ના અંજાર મધ્યે ફોરમની બેઠકમાં પીજીવીસીએલના અધિકારી કે તેમના કોઈ પ્રતિનિધિ હાજર રહેલ નથી. આજરોજ તા.૧૦/૧૧/૨૦૧૭ના રોજ ભુજ મધ્યે ફોરમની બેઠકમાં કાર્યપાલક ઈજનેર માંડવી વતી શ્રી એ.એસ.ગુરવા. કાર્યપાલક ઈજનેર. માંડવી વિભાગીય કચેરી પોતે હાજર છે અને એમની એવી રજૂઆત છે કે:

* અરજદારશ્રી યુસુફ હારૂન મેમણ દ્વારા અરજી નોંધણી નં. પીજી/03/006/૨૦૧૭-૧૮થી સી.જી.આર.એફ. ભુજ ખાતે ખરાબ થઈ ગયેલ ટ્રાન્સફોર્મર અને પીજીવીસીએલ વિભાગના કર્મચારી દ્વારા ગેરમાર્ગે દોરવા તેમજ ખોટા ચાર્જીસ ભરપાઈ સંબંધે ફરિયાદ કરેલ છે.

* અરજદાર યુસુફ હારૂન મેમણ ગ્રા.નં.૩૮૭૦૪/૦૦૨૯૩/૦. ગામ-સડાઉ મધ્યે ખેતીવાડીનું A1 કેટેગરીમાં લોડ ૧૦ એચ.પી. પાવરથી વીજ જોડાણ ધરાવે છે.

Scanned by CamScanner

* અરજદારશ્રીએ ૧૦ એચ.પી. ૨૦ એચ.પી. સુધી લોડ વધારા માટે તા.૨૨/૦૫/૨૦૧૭થી માંગણી કરેલ. જેના આર.નં. ૯૭૩૭૦૩૮ થી લોડ વધારા માટે જનરેટ થતાં ઈ-ઊર્જામા દર્શાવેલ રકમનો એફ.ક્યુ. ઈસ્યુ થયેલ. જે રજદારશ્રીએ ૧ માસની સમયમર્યાદામાં ભરપાઈ ન થતાં રદ થવા પામેલ.

* ત્યારબાદ અરજદારશ્રીની ફરિયાદ મુજબ ૧૬ કેવીનું ટ્રાન્સફોર્મર ખરાબ(ફેઈલ) થતાં તા.૦૮/૦૮/૨૦૧૭ના રોજ સદર ટ્રાન્સફોર્મર ચેક કરવામાં આવેલ. જે અરજદારની મોટર પર વધારાના ગેરકાયદેસર લોડના કારણે ખરાબ(ફેઈલ) થવા પામેલ. આમ અરજદારશ્રીએ તા.૨૨/૦૫/૨૦૧૭નો લોડવધારાનો એફ.ક્યુ. સમયસર ન ભરાતાં આવું બનવા પામેલ.

* અરજદારશ્રીને પીજીવીસીએલ વિભાગના કર્મચારી દ્વારા ટ્રાન્સફોર્મર ખરાબ થઈ ગયા અગાઉ પણ મોટર પર ખરેખરનો સૂચિત થઈ ગયા.અગાઉ પણ મોટર પર ખરેખરનો સૂચિત સ્થળ પર લોડ વધારા માટેની માંગણી માટે સૂચન કરેલ. આમ અપાયેલું સૂચન ધ્યાનમાં લીધેલ નહિં.

* ત્યારબાદ અરજદારશ્રીએ અગાઉ કરેલ ૧૦ થી ૨૦ એચ.પી. સુધી લોડવધારાની જગ્યાએ ફરીથી ૧૦ થી ૨૨.૫ એચ.પી. સુધી અરજી એસ.આર.નં. ૯૯૪૦૨૨૦, તા. ૧૦/૦૮/૨૦૧૭થી લોડવધારાની માંગણી કરેલ. જેની કંપનીના નિયમાનુસાર સિસ્ટમમાં જનરેટ થયેલ એફ.ક્યુ.ની રકમ રૂ.૧૩,૫૪૫/-(અંકે રૂપિયા તેર હજાર પાંચસો પિસ્તાલીસ પૂરા) રસીદ નં. ૮૮૩૦૧૯-૨૧ તા.૧૧/૦૮/૨૦૧૭ના રોજ ભરપાઈ કરેલ છે. આથી ફલિત થાય છે કે સદર અરજદારશ્રીને મોટર પર પડતા વધારાના લોડની જાણકારી હતી.

* અરજદારશ્રી દ્વારા તા.૧૧/૦૮/૨૦૧૭ના રોજ ભરપાઈ થયેલ રકમ બાદ માંડવી વિભાગીય કચેરી દ્વારા તા.૧૨/૦૮/૨૦૧૭ના બીજો શનિવાર તથા તા.૧૩/૦૮/૨૦૧૭ના રોજ રવિવાર હોતાં તા.૧૪/૦૮/૨૦૧૭ના રોજ આપવામાં આવેલ૨૫ કેવીનું ટ્રાન્સફોર્મર સ્થળ પર લગાડતાં ટેકનિકલ ખામીના કારણે ખરાબ(ફેઈલ) થયેલ. જે તા.૧૮/૦૮/૨૦૧૭ના રોજ ફરીથી ૨૫ કેવીએનું ટ્રાન્સફોર્મર સૂચિત સ્થળ પર લગાડવામાં આવેલ.

* નવું ટ્રાન્સફોર્મર લગાવ્યા બાદ પીજીવીસીએલના ઓફિસર શ્રી જે.એમ.ડાંગી(જે.ઈ.) અને શ્રી કે.પી.મકવાણા(ઈલે.આસી.) સ્થળ પર સદર વીજજોડાણને ક્લીપોન મીટર વડે વોલ્ટેજ એમ્પીયર ચેક કરતાં ૨૮.૫૪ એચ.પી. નો લોડ માલૂમ પડેલ છે. સદર વીજજોડાણનો કરારિત વીજભાર ૨૨.૫એચ.પી. ચેકીંગ સમયનો લોડ ૨૮.૫૪ એચ.પી. = ખરેખર લોડ વધારો ૬.૦૪ એચ.પી. માલૂમ પડતાં સદર વીજજોડાણ માટે ચેકીંગ શીટ નં. એમ.ડી.વી.સી.સી – ૧૬૩૪ તા.૧૮/૦૮/૨૦૧૭ થી ભરવામાં આવેલ.

* અરજદારશ્રીને ચેકીંગ શીટ નં. એમ.ડી.વી.સી.સી – ૧૬૩૪ તા.૧૮/૦૮/૨૦૧૭ના આધારે તા.૧૯/૦૯/૨૦૧૭ના દિને વીજળી અધિનિયમ – ૨૦૦૩ની કલમ ૧૨૬નું કામચલાઉ આકારણી બીલ કચેરી આઉટવર્ડ નં. ૪૪૧૪થી રૂ.૨૮,૯૯૨/-(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર નવસો બાણું પૂરા)નું આપવામાં આવેલ.

* અરજદારશ્રી દ્વારા તેઓને આપવામાં આવેલ કલમ ૧૨૬ હેઠળના કામચલાઉ આકારણી બીલ સામે કચેરીના ઈનવર્ડ નં. ૧૭૧૯, તા.૦૧/૦૯/૨૦૧૭થી જણાવે છે કે, સૂચિત સ્થળ પર અમારી હાજરીમાં સ્થાનિકે પીજીવીસીએલના તપાસણી અધિકારી આવેલ નથી. જે ચેકીંગ શીટ નં. ૧૬૩૪માં ગ્રાહકના પ્રતિનિધિ તરીકેનું અંગ્રેજીમાં સહીં દર્શાવેલ છે. જે સ્પષ્ટ છે કે કરવામાં આવેલ સહી ભણેલગણેલ વ્યક્તિએ કરેલ હોઈ સદર ચેકીંગ શીટમાં દર્શાવેલ કાર્યવાહીથી અજાણ હોય એવું માની શકાય નહીં.

* સદર વાંધા અરજીનો જવાબ કચેરી દ્વારા તા.૧૬/૦૯/૨૦૧૭ના આઉટવર્ડ નં.૫૭૮૮ થી આપવામાં આવેલ.

* અરજદારશ્રીએ કચેરી દ્વારા આપવામાં આવેલ પુરવણી બીલ તા.૨૮/૦૯/૨૦૧૭ના રોજ રૂ. ૨૮,૯૯૨/-(અંકે રૂપિયા અઠ્યાવીસ હજાર નવસો બાણું પૂરા) રસીદ નં. WUK ૮૮૮૭૧૪ થી પૂરેપૂરૂં ભરપાઈ કરવામાં આવેલ.

* અરજદારશ્રી દ્વારા તા.૦૩/૧૦/૨૦૧૭ના રોજ વીજ અધિનિયમ ૨૦૦૩ની કલમ ૧૨૬ મુજબ કામચલાઉ આકારણી બીલ રદ કરવા સંબંધે અરજી આપેલ છે.

Scanned by CamScanner

સદર અરજી સામે કચેરીના આઉટવર્ડ નં. ૬૧૮૧. તા.૨૮/૧૦/૨૦૧૭થી જવાબ આપવામાં આવેલ છે કે. આ આવેલ બીલ કંપનીના નિયમાનુસાર જ છે. જેથી બીલ રદ ફરમાવવાનો પ્રશ્ન જ ઉપસ્થિત નથી થતો.

અરજદારશ્રીને તેઓની અરજીના અનુસંધાને કચેરીના પત્ર નં. એમડીઆર/૧/ટેક/ફરિયાદનો જવાબ/૫૭૦૧. ૦૭/૦૯/૨૦૧૭થી જવાબ આપવામાં આવેલ છે.

આમ. અરજદારશ્રીએ સમયસર લોડવધારાની કાર્યવાહી કરેલ ન હોય તો તેમજ મોટર પર સૂચિત વધારો લોડની જાણકારી છુપાયેલ હોઈ કંપનીના ટ્રાન્સફોર્મર બળી જવા પામેલ. જેથી કંપનીને રીપેરીંગ જેવા નાણાકીય બોજ વહન કરવો પડેલ છે તેમજ અરજદારને કલમ ૧૨૬ હેઠળ ગેરકાયદેસર વધારાનો વીજભાર ૬.૦૪નો બીલ આપવામાં આવેલ. જે ભરપાઈને પાત્ર છે. અરજદારશ્રીને પીજીવીસીએલ વિભાગના કર્મચારી દ્વારા આપવામાં આવેલ સૂચન ધ્યાનમાં લીધેલ નહીં. જેથી ગેરમાર્ગે દોરવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી.

## નિષ્કર્ષ

(3) બન્ને પક્ષકારોની લેખિત તેમજ મૌખિક રજૂઆતો તેમજ ફાઈલમાં પડેલ પુરાવાઓને ધ્યાને લેતાં અત્રેનું ફોરમ એવા નિષ્કર્ષ પર આવે છે કે. ફરિયાદીની મુખ્ય ફરિયાદ પીજીવીસીએલની સ્થાનિક કચેરી મુન્દ્રાના અધિકારીઓની કામગીરી અંગેની જણાય છે. પરંતુ વાસ્તવમાં સદર ફરિયાદ ફરિયાદીના વીજ કનેક્શન નં.૩૮૭૦૪/૦૦૨૯૭/૦નાં હયાત ખેતીવાડી વીજજોડાણમાં અપાયેલ પુરવણી વીજબીલ ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની કલમ ૧૨૬ મુજબનું આપવામાં આવેલ છે. સદર ફરિયાદ ઈન્ડીયન ઈલેક્ટ્રીસીટી એક્ટ-૨૦૦૩ની કલમ ૧૨૬ હેઠળની હોઈ માન્ય જી.ઈ.આર.સી.ના નોટિફિકેશન નં.૨/૨૦૧૧ની કલમ નં.૨.૩૦(ii)ની જોગવાઈ મુજબ સદર ફોરમને ચલાવવાની હકુમત અને સત્તા ન હોઈ આ સંજોગોમાં ફરિયાદીની ફરિયાદનો ગુણદોષ ઉપર નિકાલ કરી શકાય તેમ ન હોતાં ફરિયાદીની ફરિયાદ દફતરે કરવાનો હુકમ નીચે મુજબ કરવામાં આવે છે.

## હુકમ

(૪) ફરિયાદીની ફરિયાદ નામદાર જી.ઈ.આર.સી.ના નોટિફિકેશન નં.૨/૨૦૧૧ની કલમ નં.૨.૩૦(ii)ની જોગવાઈ મુજબ અત્રેના ફોરમને ચલાવવાની હકુમત/સત્તા ન હોઈ ફરિયાદીની ફરિયાદ દફતરે કરવામાં આવે છે.

સ્થળ : ભુજ-કચ્છ

તારીખ : ૧૦-૧૧-૨૦૧૭

| | | |
|---|---|---|
| (એન.એચ.જોષી) | (પી.આર.વ્યાસ) | (એ.એમ.ઢેબર) |
| સ્વતંત્ર સભ્યશ્રી | મેમ્બર ટેકશ્રી | પ્રમુખશ્રી |
| સીજીઆરએફ, | સીજીઆરએફ, | સીજીઆરએફ, |
| પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. | પીજીવીસીએલ,ભુજ. |

Scanned by CamScanner